ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની
આઉટસોર્સ જગ્યાઓની મુદ્દત લંબાવવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/Mis/e-file/17/2025/2916/A Section**
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૦૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક: જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૨/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક:- **SJED/EOD/e-file/17/2022/0084/A Section**

(3) ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગનો તા.૦૬/૧૨/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: **GSCUC/EST/e-file/364/2022/0036/Mahekam**

ઠરાવ:

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળની તા.૦૫/૧૦/૨૦૧૭ની અધિસૂચનાથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૧૩/૦૨/૨૦૨૫ના ઠરાવથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, ગાંધીનગરની કચેરી ખાતેની કુલ-૧૦ આઉટસોર્સ જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ. ઉક્ત મંજૂરીની મુદત પૂર્ણ થનાર હોઇ, આયોગના વંચાણે લીધેલ ક્રમાંક:(3) પરના તા.૦૬/૧૨/૨૦૨૫ના પત્રથી આયોગ ખાતેની કુલ:-૧૦ આઉટસોર્સ જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર ખાતેની કુલ-૧૦ આઉટસોર્સ જગ્યાઓ પૈકી ૦૯ (નવ) જગ્યા પર નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના મહેનતાણાના દરે તા.૦૧/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી સેવા મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| અનુ. | જગ્યાનું નામ | જગ્યાની કુલ સંખ્યા | નાણાં વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવેલ જગ્યાની સંખ્યા | મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર/ટાઈપીસ્ટ | 0૩ | 0૩ | માસિક રૂ. ૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ડ્રાઈવર (આઉટસોર્સ) | ૦૩ | ૦૨ | માસિક રૂ. ૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૩ | પટ્ટાવાળા(આઉટસોર્સ) | ૦૪ | ૦૪ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબ |
| ૪ | કુલ | ૧૦ | ૦૯ | - |

<u>શરતોઃ-</u>

(૧) આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવર માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંક:-શ્ર.આ.ક/ટે.૩/૧૯૯/૨૦૨૩માં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૩) આ આઉટસોર્સ જગ્યાઓની મુદત પુરી થવાના બે માસ પહેલા સદરહુ જગ્યાઓની કામગીરીની સમીક્ષા કરી, જો આ સેવાઓની વધારે સમય માટે જરૂરિયાત જણાય તો નાણા વિભાગની પૂર્વમંજૂરી મેળવાની રહેશે.

(૪) આઉટસોર્સ અંગે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૩/૦૨/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-Sd/-**
(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય બિનઅનામત વર્ગોનું આયોગ,એ-૨ વીંગ, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.02.05 13:30:27 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સેક્શન અધિકારીશ્રી, કો.સેલ., પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.02.05 13:30:27 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign